સૌરાષ્ટ્રમાં અતિ ભારે વરસાદનું રેડ એલર્ટ

રાજ્યના ૧૧૨ તાલુકામાં ૧થી ૬ ઈંચ સુધી મેઘમહેર

નર્મદા ડેમ ૯૫ ટકાથી વધુ ભરાયો

ગાંધીનગર : ગુજરાતમાં મેઘરાજાએ ફરી એકવાર તોફાની બેટિંગ શરૂ કરતાં સોમવારે સાંજે ૬ વાગ્યા સુધીમાં રાજ્યના અંદાજે ૨૫૦ તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો. ભાવનગર જિલ્લાના વલભીપુરમાં સૌથી વધુ ૬ ઈંચ વરસાદ ખાબક્યો હતો, જ્યારે આણંદના બોરસદમાં ૫.૫૧ ઈંચ, કરજણ અને કડીમાં ૪.૧૭-૪.૧૭ ઈંચ, ધોળકામાં ૪.૧૩ ઈંચ અને અમદાવાદ શહેરમાં ૩.૩૯ ઈંચ વરસાદ નોંધાયો હતો. રાજ્યના ૧૧૨ તાલુકાઓમાં ૧થી ૬ ઈંચ સુધીનો વરસાદ નોંધાતાં અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની અને જનજીવન પર અસરની સ્થિતિ સર્જાઈ હતી. હવામાન વિભાગના સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, દક્ષિણ-પૂર્વ રાજસ્થાન અને તેને અડીને આવેલા ઉત્તર ગુજરાત પર સર્જાયેલી લો-પ્રેશર સિસ્ટમ તથા તેની સાથે સંકળાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે આગામી ૨૪ કલાક દરમિયાન પણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે.

ખાસ કરીને સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, રાજકોટ અને મોરબી જિલ્લામાં અતિભારેથી અત્યંત ભારે વરસાદની આગાહીને પગલે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં પવન અને ખરાબ હવામાનને ધ્યાનમાં રાખીને માછીમારોને ૧૪ અને ૧૫ સપ્ટેમ્બર દરમિયાન દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે.

રાજ્યમાં મોસમનો સરેરાશ વરસાદ ૮૦ ટકાને પાર

સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, ચાલુ ચોમાસાની સિઝનમાં રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ ૮૦.૨૩ ટકા એટલે કે ૭૨૯.૧૬ મિમી વરસાદ નોંધાયો છે. તેમાં દક્ષિણ ગુજરાતમાં મોસમનો સૌથી વધુ ૧૧૦.૮૨ ટકા વરસાદ વરસ્યો છે, જ્યારે કચ્છમાં માત્ર ૩૦.૭૯ ટકા વરસાદ નોંધાયો છે.

સૌરાષ્ટ્રના ત્રણ જિલ્લામાં રેડ એલર્ટ

હવામાન વિભાગની તાજી આગાહી મુજબ ૧૫ સપ્ટેમ્બરની સવારે ૮.૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન સુરેન્દ્રનગર, રાજકોટ અને મોરબી જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ અતિભારેથી અત્યંત ભારે વરસાદ પડી શકે છે. આ જિલ્લાઓમાં ૨૧ સેમી કે તેથી વધુ વરસાદની શક્યતાને ધ્યાનમાં રાખીને રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બનાસકાંઠા, વાવ-થરાદ, પાટણ, મહેસાણા, અમદાવાદ, આણંદ, ભરૂચ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવ સહિતના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતાને પગલે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, ખેડા, વડોદરા, સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની યલો ચેતવણી આપવામાં આવી છે. અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેશે. મેઘગર્જના અને વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદના ઝાપટાં પડવાની સાથે અમુક સ્થળોએ ભારે વરસાદની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. સોમવારે શહેરમાં ૩.૩૯ ઈંચ વરસાદ પડ્યા બાદ મંગળવારે પણ અમદાવાદીઓએ વરસાદી માહોલનો સામનો કરવો પડી શકે છે.

૮૫ હજારથી વધુ લોકોનું સ્થળાંતર, રાહત દળો તૈનાત

ભારે વરસાદ અને પૂરની સ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય તંત્ર દ્વારા અત્યાર સુધીમાં ૮૫,૪૫૬ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. નવસારી, વલસાડ અને સુરત જિલ્લામાં સૌથી વધુ લોકોને સ્થળાંતર કરાવવામાં આવ્યા છે. રાહત અને બચાવ કામગીરી માટે રાજ્યમાં NDRFની ૧૦ ટીમો અને SDRFની ૨૯ પ્લાટૂન વિવિધ જિલ્લાઓમાં તૈનાત કરવામાં આવી છે. વરસાદના કારણે પંચાયત અને સ્ટેટ હાઇવે હસ્તકના અંદાજે ૬૫ રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા હતા.

છેલ્લા 24 કલાકમાં નોંધાયેલો વરસાદ

શહેરવરસાદ (ઈંચ)		શહેરવરસાદ (ઈંચ)	
વલભીપુર	૬	દસક્રોઈ	૩.૫૦
બોરસદ	૫.૫૧	અમદાવાદ	૩.૩૯
કરજણ	૪.૧૭	ગોધરા	૩.૩૯
કડી	૪.૧૭	તાલાલા	૩.૩૫
ધોળકા	૪.૧૩	તારાપુર	૩
ભરૂચ	૩.૮૨	બાંસોટ	૩
નડિયાદ	૩.૭૮	વિજાપુર	૩.૧૧

નર્મદા ડેમ ૯૫ ટકાથી વધુ ભરાયો, ૨૧ ડેમ છલકાયા

રાજ્યમાં ભારે વરસાદને કારણે જળાશયોમાં નવા પાણીની સતત આવક થઈ રહી છે. રાજ્યની જીવનદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાં હાલમાં કુલ ક્ષમતાના ૯૫.૧૬ ટકા પાણીનો સંગ્રહ થઈ ગયો છે. રાજ્યના અન્ય જળાશયોમાં પણ પાણીની આવક નોંધપાત્ર રહી છે. રાજ્યના ૨૧ જળાશયો ૧૦૦ ટકા ભરાઈ ગયા છે, જ્યારે ૩૫ ડેમ હાઈ એલર્ટ, ૧૬ ડેમ એલર્ટ અને ૮ ડેમ વોર્નિંગની સ્થિતિમાં છે.

PP સવાણીની ફૂડ પોઈઝનિંગની ઘટના બાદ રાજ્યમાં ૨૦૦ સ્થળે તપાસ

૨૦૦ હોસ્ટેલ અને કેન્ટિનની તપાસમાં ૬૧ને નોટિસ

૧ લાયસન્સ સસ્પેન્ડ, ૧૧૪ ખાદ્ય નમૂના લેવાયા

ગાંધીનગર : સુરતના અબ્રામા વિસ્તારમાં હોસ્ટેલમાં ફૂડ પોઈઝનિંગની ઘટનામાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ અસરગ્રસ્ત થયા બાદ રાજ્ય સરકારે હવે હોસ્ટેલ અને કેન્ટીનની ખાદ્યસલામતી સામે કડક કાર્યવાહી શરૂ કરી છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના આદેશ બાદ ખોરાક અને ઔષધ નિયમન તંત્રે રાજ્યભરમાં હાથ ધરેલી સ્પેશ્યલ ડ્રાઈવમાં માત્ર એક જ દિવસમાં ૨૦૦ હોસ્ટેલ-કેન્ટીનની તપાસ કરી ૬૧ સ્થળોને ઈમ્પ્રુવમેન્ટ નોટિસ ફટકારી છે. તપાસ દરમિયાન ૧૧૪ ખાદ્ય નમૂના લેવામાં આવ્યા છે, જ્યારે ગંભીર અસ્વચ્છતા અને અનહાઈજેનિક પરિસ્થિતિ જણાતા ૧૦ હોસ્ટેલ-કેન્ટીન સ્વૈચ્છિક રીતે બંધ કરાવવામાં આવ્યા છે. એક સ્થળનું લાયસન્સ પણ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. સુરતની ઘટના બાદ તંત્ર હરકતમાં સુરતના અબ્રામા વિસ્તારમાં પી.પી. સવાણી શાળાની હોસ્ટેલમાં ૧૩ સપ્ટેમ્બરે બનેલી ફૂડ પોઈઝનિંગની ગંભીર ઘટનામાં આશરે ૧૦૦ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ અસરગ્રસ્ત થયા હતા. ઘટનાને ગંભીરતાથી લઈ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ રાજ્યની તમામ હોસ્ટેલ અને કેન્ટીનમાં ખોરાકની ગુણવત્તા તથા સ્વચ્છતાની ચકાસણી માટે ખાસ ડ્રાઈવના આદેશ આપ્યા હતા.

સરકારીથી ખાનગી સુધી તપાસનો દોર

ખોરાક અને ઔષધ નિયમન તંત્રે ૧૪ સપ્ટેમ્બરના સવારે ૬ વાગ્યા સુધીમાં રાજ્યભરમાં કુલ ૨૦૦ હોસ્ટેલ-કેન્ટીનની તપાસ કરી હતી. તેમાં ૪૭ સરકારી, ૨૧ અર્ધસરકારી અને ૧૩૨ ખાનગી હોસ્ટેલ-કેન્ટીનનો સમાવેશ થાય છે. તપાસ દરમિયાન રસોડાની સ્વચ્છતા, ખાદ્યપદાર્થોની ગુણવત્તા, સંગ્રહની પદ્ધતિ અને હાઇજિન સહિતના મુદ્દાઓ ચકાસવામાં આવ્યા હતા. તપાસમાં નિયમો અને સ્વચ્છતાના ધોરણોમાં ખામીઓ જણાતા ૬૧ સ્થળોને ઇમ્પ્રુવમેન્ટ નોટિસ આપવામાં આવી છે. જ્યારે ૧૦ હોસ્ટેલ-કેન્ટીનમાં ગંભીર કક્ષાની અસ્વચ્છતા અને અનહાઇજેનિક સ્થિતિ મળી આવતા તેમને સ્વૈચ્છિક રીતે બંધ કરવામાં આવ્યા છે. ઉપરાંત એક સ્થળનું લાયસન્સ સસ્પેન્ડ કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે. સ્પેશ્યલ ડ્રાઇવ દરમિયાન વિવિધ ખાદ્યપદાર્થોના કુલ ૧૧૪ નમૂના લેવામાં આવ્યા છે. આ નમૂનાઓની તપાસના આધારે ખાદ્યસલામતીના નિયમોનો ભંગ જણાશે તો સંબંધિત સંચાલકો સામે વધુ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

બાંગ્લાદેશ કનેક્શન ધરાવતા બોમ્બ થ્રેટ ઈ-મેઇલ સિન્ડિકેટનો પર્દાફાશ

સચિવાલય સહિત સરકારી કચેરીઓને બોમ્બથી ઉડાવવાની ધમકી આપનાર બે શખ્સો બિહાર-ઝારખંડમાંથી ઝડપાયા

૫.૧૩ લાખ ઈ-મેઇલ આઈડી-પાસવર્ડનો જથ્થો મળ્યો

ગાંધીનગર : ગુજરાતની સરકારી કચેરીઓ, શાળા-કોલેજો અને અદાલતોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યા ઈ-મેઇલ મોકલવાના કેસમાં ગુજરાત પોલીસના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સે બાંગ્લાદેશ કનેક્શન ધરાવતા આંતરરાજ્ય ઈ-મેઇલ સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો છે.

તા. ૧૦ સપ્ટેમ્બરે ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગને મળેલા ધમકીભર્યા ઈ-મેઇલની ડિજિટલ તપાસના આધારે પોલીસે બિહારના ભાગલપુર અને ઝારખંડના દેવઘરમાંથી બે શખ્સોને ઝડપી પાડ્યા છે. જેમાં રોશનકુમાર રાજેન્દ્રકુમાર ભુમિહાર અને ગુલશન કુમાર કૌશલ સિંગનો સમાવેશ થાય છે.

આ આરોપીઓ પાસેથી ૫,૧૩,૮૪૭ યુનિક ઈ-મેઇલ આઈડી અને પાસવર્ડનું લિસ્ટ મળી આવ્યું છે, જેનો ઉપયોગ સરકારી કચેરીઓ સહિત વિવિધ સ્થળોએ ધમકીભર્યા ઈ-મેઇલ મોકલવા તથા અન્ય સાયબર ગુનાઓ માટે થવાનો હતો.

તા. ૧૦ સપ્ટેમ્બરના રોજ સવારે ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના ઈ-મેઇલ આઈડી પર આવેલા ધમકીભર્યા ઈ-મેઇલમાં ગુજરાતના મુખ્યમંત્રી કાર્યાલય, ગુજરાત વિધાનસભા, વડાપ્રધાન અને કેન્દ્રીય ગૃહમંત્રી સહિત ભારતને સહકાર આપતા દેશોને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી.

સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટેકનિકલ ટીમે ઈ-મેઇલનું વિશ્લેષણ કરી ડિજિટલ ટ્રેલના આધારે તેની કડી બિહારના ભાગલપુર સુધી પહોંચાડી હતી.

ડિજિટલ ટ્રેલે ભાગલપુર સુધી પહોંચાડ્યા

તપાસ દરમિયાન ધમકીભર્યો ઈ-મેઇલ બિહારના ભાગલપુરથી ઓપરેટ થતો હોવાનું સામે આવતા પોલીસે રોશન કુમાર રાજેન્દ્ર કુમાર ભૂમિહાર (રાય)ને ભાગલપુરથી ઝડપી પાડ્યો હતો. તેની પૂછપરછમાં આ ઈ-મેઇલ આઈડી તેને ઝારખંડના દેવઘરના ગુલશન કુમાર કૌશલ સિંગે આપ્યું હોવાનું બહાર આવ્યું હતું. તેના આધારે ટેકનિકલ સર્વેલન્સ અને ફિલ્ડ ટીમે કાર્યવાહી કરી ગુલશન કુમાર કૌશલ સિંગને પણ દેવઘરથી ઝડપી લીધો હતો. બંને આરોપીઓની પૂછપરછ દરમિયાન તેમની પાસેથી ૫,૧૩,૮૪૭ યુનિક ઈ-મેઇલ આઈડી અને તેના પાસવર્ડ ધરાવતું લિસ્ટ મળી આવ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર આ ઈ-મેઇલ આઈડી જુદી જુદી સરકારી કચેરીઓ, શાળા-કોલેજો અને અદાલતોને ધમકીભર્યા ઈ-મેઇલ મોકલવા ઉપરાંત સાયબર તથા અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે બનાવવામાં આવ્યા હતા. તપાસમાં એવી પણ વિગતો સામે આવી છે કે મુખ્ય આરોપીઓ અન્ય રાષ્ટ્રવિરોધી તત્ત્વોને આ ઈ-મેઇલ આઈડી અને પાસવર્ડ પૂરા પાડતા હતા. ઈ-મેઇલ એકાઉન્ટ બનાવવાની તેમજ ઓથેન્ટિકેશન પ્રક્રિયાને બાયપાસ કરવા માટે જટિલ પદ્ધતિઓનો ઉપયોગ થતો હોવાનું પણ પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

ક્રિપ્ટો વોલેટનો ઉપયોગ

આ સમગ્ર નેટવર્કને બાંગ્લાદેશમાંથી નાણાકીય સહાય અને દિશાનિર્દેશ મળતા હોવાના તથ્યો તપાસમાં સામે આવ્યા છે. નાણાંની હેરફેર માટે ક્રિપ્ટો વોલેટ્સનો ઉપયોગ કરવામાં આવતો હોવાનું પોલીસને જાણવા મળ્યું છે. એટલું જ નહીં, આરોપીઓ પાસેથી મળેલું ૫.૧૩ લાખથી વધુ ઈ-મેઇલ આઈડીનું લિસ્ટ પણ બાંગ્લાદેશમાં રહેલા સહ-આરોપીઓને મોકલવામાં આવ્યું હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આ સમગ્ર મુદ્દે વધુ ટેકનિકલ અને અન્ય તપાસ હાલ ચાલુ છે.

ત્રણ રાજ્યોમાં એકસાથે ઓપરેશન

આંતરરાજ્ય નેટવર્કની કડીઓ શોધવા માટે ગુજરાત પોલીસના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમે ગુજરાત, બિહાર અને ઝારખંડ-ત્રણ રાજ્યોમાં એકસાથે ફિલ્ડ ઓપરેશન હાથ ધર્યું હતું. સમગ્ર કામગીરીમાં ગાંધીનગર પોલીસ, ભાગલપુર પોલીસ અને દેવઘર પોલીસે સક્રિય સહયોગ આપ્યો હતો. પોલીસે ધમકીભર્યો ઈ-મેઇલ મળે ત્યારે નાગરિકોને ગભરાયા વિના તાત્કાલિક સ્થાનિક પોલીસ અથવા ૧૯૩૦ હેલ્પલાઈન પર જાણ કરવા અપીલ કરી છે. સાથે જ આવા ઈ-મેઇલ, તેના સ્ક્રીનશોટ અથવા અપ્રમાણિત માહિતી સોશિયલ મીડિયા પર વાયરલ ન કરવા અને ઈ-મેઇલ મોકલનાર સાથે કોઈપણ પ્રકારનો સંપર્ક ન કરવા પણ સૂચના આપવામાં આવી

એમબીબીએસ-ડેન્ટલના બીજા રાઉન્ડમાં 3,696 વિદ્યાર્થીઓને પ્રવેશ

8,452 બેઠકોમાંથી એમબીબીએસમાં 2,940 અને ડેન્ટલમાં 756 વિદ્યાર્થીઓનું એલોટમેન્ટ

ગાંધીનગર : શૈક્ષણિક વર્ષ 2026-27 માટે મેડિકલ અને ડેન્ટલ બેઠકો માટેની સ્નાતક વિદ્યાશાખા એમબીબીએસ અને ડેન્ટલની પ્રવેશ પ્રક્રિયાના બીજા રાઉન્ડનું મેરિટ પ્રમાણે સીટ એલોટમેન્ટ કરવામાં આવ્યું છે. પ્રવેશ સમિતિ દ્વારા જાહેર કરાયેલી વિગતો મુજબ બીજા રાઉન્ડમાં કુલ 8,452 બેઠકો ફાળવવામાં આવી છે.

આ પૈકી એમબીબીએસની 7,233 બેઠકોમાંથી 2,940 વિદ્યાર્થીઓને, જ્યારે ડેન્ટલની 1,219 બેઠકોમાંથી 756 વિદ્યાર્થીઓને એલોટમેન્ટ કરવામાં આવ્યું છે. આમ, એમબીબીએસ અને ડેન્ટલ મળીને કુલ 3,696 વિદ્યાર્થીઓને બીજા રાઉન્ડમાં પ્રવેશ માટે લાયક ઠેરવવામાં આવ્યા છે. આ એલોટમેન્ટમાં સરકારી તેમજ સ્વનિર્ભર સંસ્થાઓની સરકારી, મેનેજમેન્ટ અને NRI બેઠકોનો સમાવેશ થાય છે.

પ્રવેસ સમિતિના મેરિટ લિસ્ટમાં સમાવિષ્ટ અને પ્રવેશ માટે લાયક ઉમેદવારોએ હવે બીજા રાઉન્ડના એલોટમેન્ટ બાદ નિયત સમયમર્યાદામાં ફી ભરવા તથા હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટિંગ કરવાની રહેશે. બીજા રાઉન્ડની ઓનલાઈન ટ્યુશન ફીની ચુકવણી આજથી તા. 18 સપ્ટેમ્બર 2026ના બપોરે 3:30 વાગ્યા સુધી કરી શકાશે. જ્યારે નિયત HDFC બેંકની શાખા ખાતે ટ્યુશન ફીની ચુકવણી 16 સપ્ટેમ્બર સવારે 10:30થી 18 સપ્ટેમ્બર બપોરે 3:30 વાગ્યા સુધી કરી શકાશે.

બીજા રાઉન્ડમાં સીટ મેળવનારા ઉમેદવારોએ તા. 16 સપ્ટેમ્બર 2026ના સવારે 10 વાગ્યાથી 19 સપ્ટેમ્બર 2026ના બપોરે 12 વાગ્યા સુધી નિયત હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટિંગ કરી પોતાના અસલ પ્રમાણપત્રો જમા કરાવવાના રહેશે.

અનુસ્તાક ડેન્ટલમાં બીજા રાઉન્ડની પ્રક્રિયા શરૂ

ગાંધીનગર : શૈક્ષણિક વર્ષ 2026-27 માટે MDSના પ્રથમ વર્ષના પ્રવેશ માટે બીજા રાઉન્ડની ઓનલાઈન નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. NEET-PG (MDS)-2026ની પાત્રતા ધરાવતા તથા સંબંધિત કાઉન્સિલ અને ગુજરાત રાજ્યના પ્રવેશ નિયમો મુજબ જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારો ઓનલાઈન અરજી કરી શકશે. બીજા રાઉન્ડ માટે ઓનલાઈન પીન ખરીદી આજથી 17 સપ્ટેમ્બર 2026ના બપોરે 1 વાગ્યા સુધી કરી શકાશે. જ્યારે ઓનલાઈન રજીસ્ટ્રેશન 14 સપ્ટેમ્બરથી 17 સપ્ટેમ્બર 2026ના સાંજે 4 વાગ્યા સુધી કરી શકાશે. ઉમેદવારોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે www.medadmgujarat.org વેબસાઈટ પરથી PIN ખરીદવાનો રહેશે. પીન ખરીદવા માટે રૂ.3,000ની નોન-રિફંડેબલ ફી તથા રૂ.25,000ની રિફંડેબલ સિક્યોરિટી ડિપોઝિટ, એટલે કે કુલ રૂ.28,000 ચૂકવવાના રહેશે. ઓનલાઈન રજીસ્ટ્રેશન બાદ ઉમેદવારોએ 18 સપ્ટેમ્બર 2026ના રોજ સવારે 10થી સાંજે 4 વાગ્યા દરમિયાન હેલ્પ સેન્ટર ખાતે દસ્તાવેજોની ચકાસણી કરાવી પ્રમાણપત્રોની નકલો જમા કરાવવાની રહેશે.

રૂપિયા ૬૯૨ કરોડના ખર્ચે સરહદી માર્ગો પહોળા કરાશે

કચ્છના ત્રણ ધોરી માર્ગ ૭થી ૧૦ મીટર પહોળા થશે, બનાસકાંઠાનો માર્ગ ફોરલેન બનશે

ગાંધીનગર : રાજ્યના સરહદી જિલ્લાઓમાં રોડ કનેક્ટિવિટી વધુ મજબૂત બનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સરકારે ૬૯૨ કરોડનો મોટો નિર્ણય લીધો છે. હાઈ સ્પીડ કોરિડોર અંતર્ગત કચ્છના ત્રણ મહત્વના ધોરીમાર્ગોને હાલના ૭ મીટરમાંથી ૧૦ મીટર પહોળા કરવા માટે ૩૬૩ કરોડ, જ્યારે બનાસકાંઠામાં ૧૦ મીટરના શિહોરી-પાટણ રોડને ફોરલેન કરવા માટે ૨૨૯ કરોડના કામો મંજૂર કરાયા છે. સરહદી વિસ્તારોમાં રોડનું માળખું મજબૂત બનતાં ગ્રામ્ય વિસ્તારોને સલામત અને ઝડપી કનેક્ટિવિટી મળશે, સાથે જ ભારે વાહનોની અવરજવર સરળ બનવાથી ઉદ્યોગ-વેપાર અને કૃષિ પેદાશોના પરિવહનને પણ મોટો લાભ થશે.

હાઈ સ્પીડ કોરિડોર અંતર્ગત કચ્છ જિલ્લામાં પાન્ધ્રો-નારાયણ સરોવર રોડ, લખપત-નારાયણ સરોવર રોડ અને દયાપર-સુભાષપર-પાન્ધ્રો રોડને ૭ મીટરમાંથી ૧૦ મીટર પહોળા કરવાના કામો મંજૂર થયા છે. આ ત્રણ માર્ગો માટે કુલ ૩૬૩ કરોડ ફાળવવામાં આવ્યા છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં શિહોરી-પાટણ રોડને ૧૦ મીટરથી પહોળો કરીને ફોરલેન બનાવવાનું કામ હાથ ધરાશે. આ માટે ૨૨૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

કચ્છ અને બનાસકાંઠાના આ માર્ગો આસપાસના અનેક તાલુકાઓ અને ગામોને જોડે છે. રસ્તા પહોળા અને ફોરલેન બનતાં ભારે વાહનોની અવરજવર વધુ ઝડપી અને સલામત બનશે. તેનો સીધો લાભ સ્થાનિક ઉદ્યોગો, વેપાર-ધંધા અને કૃષિ પેદાશોના પરિવહનને મળશે. કચ્છના માર્ગોના પહોળીકરણ અને સુદૃઢીકરણથી નારાયણ સરોવર, કોટેશ્વર સહિતનાં યાત્રાધામો અને આસપાસનાં પ્રવાસન સ્થળો સુધી પહોંચવું વધુ સરળ બનશે. પરિણામે સરહદી કચ્છમાં પ્રવાસન પ્રવૃત્તિઓને પણ વેગ મળવાની શક્યતા છે. સરહદી વિસ્તારોમાં મજબૂત રોડ નેટવર્ક માત્ર સ્થાનિક કનેક્ટિવિટી પૂરતું મર્યાદિત નહીં રહેતાં આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ આપશે.

અમદાવાદ મનપાના 15 હોસ્ટેલ કેન્ટીનમાં દરોડા

42 નમૂનાના લેબોરેટરી રિપોર્ટની રાહ

અમદાવાદ : અમદાવાદ મનપાના હેલ્થ ફૂડ વિભાગ દ્વારા શહેરની વિવિધ હોસ્ટેલની કેન્ટીન તથા મેસમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન કુલ 15 કેન્ટીન/હોસ્ટેલ મેસની તપાસ કરવામાં આવી હતી અને વિદ્યાર્થીઓને પીરસવામાં આવતા ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવા માટે વિવિધ ખાદ્ય પદાર્થોના કુલ 42 નમૂના લેવામાં આવ્યા હતા. આ નમૂનાઓને લેબોરેટરી ખાતે મોકલવામાં આવ્યા છે. મનપાના હેલ્થ ફૂડ વિભાગ દ્વારા હોસ્ટેલની કેન્ટીન અને મેસમાં વિદ્યાર્થીઓને પીરસવામાં આવતા ખાદ્ય પદાર્થોની ગુણવત્તા, સ્વચ્છતા તથા ફૂડ સેફ્ટી સંબંધિત જોગવાઈઓનું પાલન થાય છે કે કેમ તેની સ્થળ પર તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ખાદ્ય પદાર્થો તૈયાર કરવાની પ્રક્રિયા, કાચા માલ અને તૈયાર ખોરાકની જાળવણી, સંગ્રહ વ્યવસ્થા, રસોડાની સ્વચ્છતા, વાસણો તથા સાધનોની સ્વચ્છતા અને પીવાના પાણીની વ્યવસ્થા સહિતની બાબતો ચકાસવામાં આવી હતી. તપાસ દરમિયાન ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવાના હેતુસર લેવામાં આવેલા 42 નમૂનાઓને નિયમોનુસાર પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

દક્ષિણ એશિયામાં પહેલીવાર વર્લ્ડ સર્ક્યુલર ઈકોનોમી ફોરમ

આજથી ગાંધીનગર ૬૫થી વધુ દેશોના ૨ હજારથી વધુ પ્રતિનિધિઓનો જમાવડો

ગાંધીનગર : ગાંધીનગર ખાતે આવતીકાલથી બે દિવસ માટે વૈશ્વિક સર્ક્યુલર ઈકોનોમીના કેન્દ્રમાં ફેરવાશે. દક્ષિણ એશિયામાં પ્રથમવાર મહાત્મા મંદિર ખાતે ૧૫ અને ૧૬ સપ્ટેમ્બરે 'વર્લ્ડ સર્ક્યુલર ઈકોનોમી ફોરમ-૨૦૨૬' (WCEF)નું ભવ્ય આયોજન થઈ રહ્યું છે. 'સર્ક્યુલર ઈકોનોમી: ટ્રાન્ઝિશન ફોર પીપલ એન્ડ પ્રોસ્પેરિટી' થીમ પર યોજાનારા આ ફોરમમાં ૬૫થી વધુ દેશોના ૨ હજારથી વધુ પ્રતિનિધિઓ ભાગ લેશે. કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ફોરમનું સંયુક્ત ઉદ્ઘાટન કરશે. વૈશ્વિક નીતિ ઘડવૈયાઓ, ઉદ્યોગપતિઓ, સંશોધકો, સ્ટાર્ટઅપ્સ અને નિષ્ણાતોની હાજરીમાં સર્ક્યુલર અર્થતંત્રને વેગ આપવા માટે નવી ભાગીદારી અને ઉકેલો પર મંથન થશે.

WCEF-૨૦૨૬નો મુખ્ય ઉદ્દેશ્ય સર્ક્યુલરિટી ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સહયોગ વધારવાનો અને સર્ક્યુલર ફાઈનાન્સ તથા નવીનતાને પ્રોત્સાહન આપવાનો છે. ઉપયોગમાં લેવાયેલી સામગ્રી અને ઉત્પાદનોને પુનઃઉપયોગ, રિફર્બિશિંગ અને રિસાઈકલિંગ મારફતે ફરીથી અર્થતંત્રમાં મૂલ્યવાન સંસાધન તરીકે લાવવાના મોડલ પર ફોરમમાં ચર્ચા થશે. ૧૫-૧૬ સપ્ટેમ્બરના મુખ્ય ફોરમ દરમિયાન ૪ પ્લેનરી અને ૧૬ થીમ આધારિત સત્રો યોજાશે. તેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), રોજગાર, ઊર્જા ઉત્પાદન, નાણા, શાસન, ટકાઉ ઉત્પાદનો અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ સહિતના વિષયો પર નિષ્ણાતો વિચારો રજૂ કરશે. મુખ્ય ફોરમ બાદ ૧૭ અને ૧૮ સપ્ટેમ્બરે ગાંધીનગર ઉપરાંત વિશ્વના અન્ય સ્થળોએ ઓનલાઈન, હાઈબ્રિડ અને રૂબરૂ મળીને ૮૦ એક્સેલરેટર સત્રો યોજાશે. આ સત્રો દ્વારા વૈશ્વિક સહયોગીઓ સર્ક્યુલર ઈકોનોમીના વિવિધ ક્ષેત્રોમાં ચોક્કસ ઉકેલો અને ભાગીદારીને આગળ વધારશે. ઉદ્ઘાટન સત્રમાં ફિનલેન્ડના ભારતમાં રાજદૂત મિક્કો કિવિકોસ્કી, સિત્રા (Sitra)ના પ્રમુખ એટે જાસ્કેલાઈનન તથા નેધરલેન્ડના સર્ક્યુલર ઈકોનોમી ક્ષેત્રના વરિષ્ઠ પ્રતિનિધિઓ સહિત ભારત અને ગુજરાત સરકારના અધિકારીઓ હાજર રહેશે.

સુડોકુ 'ક્રૂટિ' ૬૬૨૮

	૨	૭			૩			૫
			૬	૨		૮		૩
	૮	૯	૪	૧		૨		૭
૭	૯	૧		૬		૩	૮	૪
૪			૮	૭				૬
		૨	૩			૭	૫	
૨			૭	૯	૬			
૯		૮	૧				૩	
૧			૨			૫	૭	૯

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૩	૭	૫	૬	૯	૨	૬	૧	૪
૨	૬	૩	૧	૫	૪	૭	૯	૮
૭	૧	૪	૮	૩	૯	૨	૫	૬
૬	૫	૭	૯	૧	૮	૩	૪	૨
૩	૨	૯	૫	૭	૬	૫	૮	૧
૧	૪	૮	૨	૪	૩	૯	૭	૫
૭	૩	૨	૪	૬	૫	૧	૬	૯
૯	૮	૬	૭	૨	૧	૪	૩	૭